વિશ્વ બાળદિનની ઉજવણીના ભાગરૂપે સરકારી પ્રાથમિક શાળા, જીઈબી કૉલોની ખાતે સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંચાલિત ચાઈલ્ડલાઈન, ગાંધીનગર દ્વારા ટીબીનાં લક્ષણો અને આ રોગ માટેના ઉપાયો તથા સારવાર અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ચાઈલ્ડલાઈન ટીમના સભ્યો દ્વારા મહેંદી હરિફાઈ, સ્લો સાઇકલિંગ, સંગીત ખુરશી જેવી રમતો શાળાના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. વિજેતાઓને ઇનામો પણ એનાયત કર્યાં હતાં. આચાર્ય દિપ્તીબેને સમગ્ર શાળા પરિવાર વતી ચાઈલ્ડલાઈન પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

ગાંધીનગર, તા. ૧૯

ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના સહયોગથી ગાંધીનગર જિલ્લા રેડ ક્રૉસ દ્વારા અનન્ય કૉલેજ ઑફ ફિઝિયોથેરેપી, કલોલ ખાતે થૅલેસેમિયા અવેરનેસ અને ટેસ્ટ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪૩ વિદ્યાર્થીઓએ આ કૅમ્પમાં ભાગ લઈ થૅલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.

કૅમ્પની સફળતા માટે રાજ્ય રેડ ક્રૉસ તરફથી ભરતભાઈ શ્રીમાળી, કૉલેજ તરફથી ડૉ. હાર્દિકભાઈ શેઠ અને જિલ્લા રેડ ક્રૉસ તરફથી અશ્વિનભાઈ દવેએ સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો. ગાંધીનગર જિલ્લા રેડ ક્રૉસ દ્વારા આ પ્રસંગે થૅલેસેમિયા જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

અસરકારક વક્તવ્ય એ પ્રભાવક વ્યક્તિત્વની પ્રથમ નિશાની છે

ગાંધીનગર, તા. ૧૯

નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા 'દેશભક્તિ અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાઓની ભૂમિકા' વિષયે જિલ્લાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન યુથ હૉસ્ટેલ ખાતે કરવામાં આવ્યું હતું.

યુવકોમાં રાષ્ટ્રભાવના, દેશભક્તિ, નેતૃત્વશક્તિ, કમ્યુનિકેશન સ્કીલ વધે તે હેતુસર આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકાના યુવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્પર્ધાના પ્રારંભે સ્પર્ધાના નિયમો અને તે અંગેની ભૂમિકા નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર દ્વારા સ્પર્ધકોને આપવામાં આવી હતી. ત્યારબાદ યુવકોએ વિષય અન્વયે પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં.

સ્પર્ધાના વિજેતા તરીકે અનુક્રમે હાર્દિક જતાપરા, ભગીરથ માંડલિયા અને અજયસિંહ ઠાકોરનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં, જેમને કેન્દ્ર તરફથી અનુક્રમે રૂપિયા પાંચ હજાર, બે હજાર અને એક હજારનું રોકડ ઇનામ એનાયત કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતી બહુમુખી પ્રતિભા એવા જશવંત ગાંધી, નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવત અને સરકારી સાયન્સ કૉલેજના અધ્યાપક ડૉ. ઉમેશ તરપદાએ પોતાની સેવાઓ આપી હતી. નહેરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો, યુવા કાર્યકરો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધામાં સોશિયલ મીડિયા ખૂબ ઝળક્યું

- સ્પર્ધામાં સોશિયલ મીડિયા ટીકટોક અને પબજીની નકારાત્મક અસરોનો ઉલ્લેખ વારંવાર સ્પર્ધક યુવકોના મોઢે આવ્યો હતો.
- સ્વામી વિવેકાનંદ, શિવાજી-જીજાબાઈ, ઉધમસિંહ, ભગતસિંહ અને સુખદેવ સ્વામી વિવેકાનંદનાં ઉદાહરણો પણ વક્તવ્યો દરમિયાન આવ્યાં હતાં.
- કુછ પાની કમ હોને સે બારીશ ખો નહીં સકતી, કુછ સપનેં ટૂટને સે જિંદગી ખો નહીં સકતી.
- આજના યુવાઓ વૉટ્સઍપ પર પ્રેમ કરે છે, ફેસબૂક પર લગ્ન કરે છે અને ઈન્સ્ટાગ્રામ પર બાળકો પેદા કરે છે.
- ભારત દેશ એ ૩૦ ટકા યુવા વસતીવાળો દેશ છે. મતલબ કે દેશને વિકાસના રાહ પર લઈ જવા માટે જરૂરી ઊર્જા આજે ભારત પાસે પર્યાપ્ત પ્રમાણમાં છે.
- વિશ્વકક્ષાએ ઉદ્યોગો પર દૃષ્ટિ નાખીએ તો ૭૦ ટકા જેટલી કંપની ભારતીયો કે ભારતીય મૂળ સાથે સંકળાયેલા લોકોની છે.

ગાંધી ને વિવેકાનંદ લાખોમાં એક હોય છે

- અસરકારક વક્તવ્ય એ પ્રભાવક વ્યક્તિત્વની પ્રથમ નિશાની છે અને તે આજના યુવાન માટે બહુ જરૂરી છે.
- સોશિયલ મીડિયા એ ખરાબ વસ્તુ નથી, તમે એમાંથી પણ સારી બાબતો અને જ્ઞાન પ્રાપ્ત કરી શકો છો.
- આજના યુવાનની નજર તેના ધ્યેય પર હોવી જોઈએ.

- જશવંત ગાંધી

- સોશિયલ મીડિયા એ તમારા હાથમાં આપવામાં આવેલી છરી જેવું છે. તમે એનાથી ગળું કાપશો તો એ ખરાબ કહેવાશે ને તમે એનાથી શાક સમારશો તો એ સારું કહેવાશે, ઉપયોગી કહેવાશે.
- ટ્રાફિકના નિયમો તોડ્યા પછી પકડાઈ ન જવાય એટલા માટે વાહનની નંબર પ્લેટ વાળી નાખનારા યુવાનો દેશ માટે કશું કરી શકતા નથી.
- દેશ માટે કંઈક કરવું હોય તો સૌપ્રથમ તમારી અંદર નિષ્ઠાની આગ જલાવો; એકવાર એ આગ પ્રજળી જાય, પછીનું બધું આપોઆપ થવા લાગશે.
- ઈતિહાસ સાક્ષી છે કે ગાંધી અને વિવેકાનંદ લાખોમાં એક હોય છે અને એ જ દેશ-દુનિયાને રાહ બતાવી શકે છે.

- કુંતલ નિમાવત

- સ્પર્ધા હોય કે જિંદગી - યુવાને હંમેશાં સજ્જ રહેવું જોઈએ.
- કોઈપણ ક્ષેત્રમાં તમારી સાચી દિશાની તૈયારી જ તમને સફળતા અપાવી શકશે.

- ડૉ. ઉમેશ તરપદા

જન્મદિને વધામણી

આઈ બી વાઘેલા
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૩૭૭૮૫

નયનાબેન નારણભાઈ પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ)

ધૃવિ વિજયભાઈ સુખડિયા
મો.૯૧૭૩૪ ૪૫૯૪૪

ત્રિઅક્ષ કવનકુમાર દવે

હર્ષવર્ધન પ્રમિતકુમાર ચૌહાણ
મો. ૯૦૯૯૯ ૦૩૩૯૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

ઍસ. કે. પટેલ સ્કૂલના ટીચર્સ માટે પિકનિક

સ્કૂલમાં જેમ વિદ્યાર્થીઓ માટે વર્ષે એક વાર પ્રવાસની જોગવાઈ છે, તેવી શિક્ષકો માટે નથી. અલબત્ત, પ્રવાસનું મહત્ત્વ સમજીને કેટલીક સ્કૂલ્સ કે શિક્ષકો પોતાની રીતે જ પ્રવાસ ગોઠવી લે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત ઍસ. કે. પટેલ સ્કૂલના ટીચર્સ સ્ટાફે પિકનિકનું આયોજન કર્યું હતું જેમાં સઘળાં શિક્ષિકાઓ ઉત્સાહપૂર્વક જોડાયાં હતાં. પિકનિક માટે ભગવાન શ્રીકૃષ્ણનું મંદિર ડાકોર તથા ગળતેશ્વર મહાદેવના મંદિરની પસંદગી કરવામાં આવી હતી. આ ઉપરાંત મહેમદાવાદ સ્થિત ગણેશ મંદિરની મુલાકાત પણ ટીચર્સ દ્વારા લેવામાં આવી હતી.

ખુશ થઈને કામ કરીશું તો ખુશી મળશે

ગાંધીનગર, તા. ૧૯

આજના ભાગદોડ ભર્યા જીવનમાં માનવી કેવી રીતે ખુશીપૂર્વક જીવન જીવી શકે એ વિષય સાથે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા રોટરી ફીઝીયોથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨ ખાતે વ્યાખ્યાન યોજાયું હતું, જેમાં રોટરી સભ્યો, પરિવારજનો, યુવાનો અને નગરજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

"ખુશ રહેવા માટે કામ કરીશું તો ખુશી નહિ મળે, પરંતુ ખુશ થઈને કામ કરીશું તો ચોક્કસ ખુશી મળશે". આ શબ્દો છે આંતરાષ્ટ્રીય વક્તા અને મેનેજમેન્ટ ટ્રેનર આર. કે. ચોપરાના કે જેમણે આ કાર્યક્રમમાં વક્તા તરીકે ઉપસ્થિત રહીને પોતાના અનુભવ અને ટુંકી ટુંકી મૂવીનાં માધ્યમથી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે જીંદગીને પ્રેમપૂર્વક અને ખુશીપૂર્વક જીવવા માટે સૌ પ્રથમ પોતાની જાતને પ્રેમ કરો, પ્રેરણાદાયી વ્યક્તિત્વ બનાવો, પોતાની જાત પર વિશ્વાસ રાખો, નકારાત્મક વાતાવરણથી દૂર રહો, શારીરિક અને માનસિક સ્વસ્થ રહો, કૃતજ્ઞતાનો ભાવ કેળવવો, જરૂરતમંદ લોકોને મદદ કરવી, ભાવનાત્મક સ્વચ્છતા રાખો અને વર્તમાનમાં રહી જીવતાં રહો. તેમણે હાજર સૌને હસતાં રહેવાની શપથ લેવડાવી હતી. કાર્યક્રમના અંતે રોટરી ક્લબ વતી એચ. એમ. પટેલ દ્વારા વક્તાને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

સરસ્વતી સંગીત કલાસ દ્વારા ૧૪મો રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

સરસ્વતી સંગીત કલાસ, અર્જુન ટાવર ઘાટલોડિયા દ્વારા ૧૪મા રક્તદાન કેમ્પ સંગીત સંધ્યા તેમજ ધાબળા તથા જુના વસ્ત્રોના વિતરણના કાર્યક્રમનું આયોજન શહેરમાં આવેલા મિલન ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું. ૧૪મા રક્તદાન કેમ્પમાં રેડક્રોસના સહયોગથી થેલેસેમીયા તેમજ બ્લડ કેન્સરથી પીડાતા બાળકો માટે સંસ્થામાં તાલીમ લેતા ૧૦થી વધુ વિદ્યાર્થીઓ તેમજ તેમનાં વાલીઓના સહયોગથી આશરે ૪૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પમાં લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં રક્તદાન સંદર્ભે નામના ધરાવતા સૂર્યકાંત નાયકે હાજરી આપી યુવા રક્તદાતાઓનો જુસ્સો વધાર્યો હતો. એસ.પી.રીંગ રોડ આંબલી બોપલ એસ. જી. હાઈવે, થલતેજ, અંધજન મંડળ વસ્ત્રાપુર જનતા કોર્સીંગ ઘાટલોડિયામાં ફૂટપાથ ઉપર પોતાનું જીવનનિર્વાહ કરતાં પરિવારોને ૧૦૦૦ ગરમ ધાબળા તેમજ જુના વસ્ત્રોનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

મંદિર નિર્માણમાં જુની અને વૈજ્ઞાનિક ટૅક્નોલૉજીના સુમેળ ઉપર ધ્યાન અપાશે

ગાંધીનગર, તા. ૧૯

પ્રાચિનકાળથી ભારત અને વિશ્વભરમાં ભવ્ય હિન્દુ મંદિરો અને જૈન દેરાસરોના શિલ્પ સ્થાપત્ય અને મહાલયોના નિર્માણકાર્યમાં અમૂલ્ય યોગદાન આપનાર સોમપુરા જ્ઞાતિએ પોતાની યુવા પેઢીને કામગીરી સંબંધિતસચોટ માર્ગદર્શન આપવા સોમપુરા સ્થાપત્ય ફાઉન્ડેશનના માધ્યમથી નિયમિત ધોરણે વિશેષ કાર્યક્રમો યોજવાની વિશેષ પહેલ કરી છે.

આનો ઉદ્દેશ્ય ગુજરાત રાજ્યના યુવાન અને ઉભરતાં કલાકારો વચ્ચેભારતીય કળા, સંસ્કૃતિ અને પ્રાચિન સ્થાપત્યોના સાહિત્યોઅંગે જાગૃતિ અને સમજણનો પ્રસાર કરવાનો છે.

સમાજના યુવાનો વચ્ચે ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવવા તથા નવીન કામગીરી અપનાવવા માટે તેમને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડવા ફાઉન્ડેશન ભારત અને વિદેશોના વિવિધ વિષયોના નિષ્ણાતો, શિક્ષણવિદો, પ્રોફેશ્નલ્સ અને ટેમ્પલ પ્લાનર્સને આમંત્રિત કરીને વિશેષ સત્રોનું આયોજન કરવાની યોજના બનાવી રહ્યું છે. આનાથી દેશના જૂના અને પ્રાચિન મંદિરો અને સ્થાપત્યોની વૈજ્ઞાનિકઢબે જાળવણી કરવામાં તથા ટેક્નોલોજી અને વિજ્ઞાનના સુમેળ સાથે નવા મંદિરોના નિર્માણ સુનિશ્ચિત કરવામાં મદદ મળી રહેશે.

આજે આયોજિત એક કાર્યક્રમમાં ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી રાજેશભાઈ સોમપુરાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રના સમૃદ્ધ પ્રાચિન વારસા, કલા અને કારીગરીની કાળજી રાખવી એ આપણી અને યુવા પેઢીની જવાબદારી છે. આજે ઝડપથી બદલાતા વિશ્વમાં પ્રાચિન કળા-કારીગરી સાથે નવી ટેક્નોલોજીને સાંકળવી અત્યંત જરૂરી છે, જેનાથી મજબૂત અને ભવ્ય સ્થાપત્યોના નિર્માણ કરવામાં મદદ મળી રહેશે.

વિશ્વની અજોડ એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને ઓળખીએ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એટલે સમગ્ર વિશ્વની એક એવી યુનિવર્સિટી જે મોટેરાઓ અને નાનાં બાળકોનાં બાળવિશ્વનો તાગ લેવા, તેને મૃદુ સ્પર્શ કરવા પ્રેરે. ૧૮ વર્ષથી ઉપરના તરુણોને ઉચ્ચ શિક્ષણ આપવાનું કામ તો જગતની બધી યુનિવર્સિટીઓ કરે છે, પણ અજન્મા શિશુથી ૧૮ વર્ષ સુધીના તરુણોને ઉત્તમ ચારિત્ર્યવાન મનુષ્ય અને ઊર્ધ્વગામી બનાવી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે સક્ષમ બનાવવાની પૃષ્ઠભૂમિ તો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી જ સર્જે છે.

આ યુનિવર્સિટીનો વિષય વૈશ્વિક સ્તરનો છે. એનું કાર્યક્ષેત્ર ભલે ગુજરાત છે, પણ એનું કાર્ય વૈશ્વિક છે. ગુજરાતને સમગ્ર વિશ્વની જ્ઞાનની વિદ્યાપીઠ બનાવવાનું સ્વપ્ન છે આ યુનિવર્સિટીનું.

વિશ્વના કેટલાક દેશોમાં આવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીઝ ચાલે છે પણ તે શિક્ષણના વિવિધ વિભાગોમાંનો એક બાળવિભાગ ચલાવતા હોય તેવી રીતે ચાલે છે. એવી અસંખ્ય યુનિવર્સિટીઝમાં આ યુનિવર્સિટી અનેક રીતે વિશિષ્ટ અને અનુપમ છે.

- અત્યારે ભારતમાં આ પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે.
- બાળજન્મથી લઈ બાળક ૧૮ વર્ષનો થાય ત્યાં સુધીમાં એના વિકાસક્રમની સાતત્યપૂર્વકની ચિંતા કરનાર આ સમગ્ર જગતની એકમાત્ર યુનિવર્સિટી છે.
- મનુષ્યનો વિકાસ એકાંગી કે કોઈ ચોક્કસ વિષયોને લઈને થાય તેવું બીજા દેશોમાં થાય છે. પણ આ યુનિવર્સિટી મનુષ્યનો વિકાસ ભારતીય જીવનદર્શનને આધારે સર્વાંગીપણે થાય, જે જીવનના વિવિધ આયામોને સ્પર્શે અને જીવનને ઉન્નત બનાવે એ દિશામાં પ્રયત્નશીલ છે.
- અન્ય યુનિવર્સિટીઝ ટૅકનોલૉજીકલ અને આધુનિક ઉપકરણોનો આધાર લઈ બાળકનો વિકાસ પ્રયોજે છે, પરંતુ તેથી તેનો ભાવાત્મક કે ચરિત્રાત્મક વિકાસ થતો નથી અને શ્રેષ્ઠ મનુષ્ય બનવાની દિશામાં આગળ વધી શગકાતું નથી. જ્યારે આ યુનિવર્સિટીનો આધાર ભાવનાત્મક વિકાસ છે, ચરિત્રાત્મક વિકાસ છે. મનુષ્યના અંતઃકરણને દિવ્ય અને પ્રકાશમાન બનાવવાની પ્રક્રિયા છે. એનો પાયો અધ્યાત્મ છે અને વર્તમાન વિશ્વની અસંખ્ય સમસ્યાઓના નિવારણનો ઉકેલ પણ આમાં છે.
- અન્યત્ર ભૌતિક વિકાસની હોડમાં પ્રકૃતિ અને પર્યાવરણનું સંતુલન ખોરવાય છે. આ યુનિવર્સિટી મનુષ્યને પ્રકૃતિ, સૃષ્ટિ અને સમષ્ટિને કેન્દ્રમાં રાખી, એનું સંતુલન જાળવી વ્યાપક હિતમાં જીવવાની જીવનશૈલી બતાવે છે.
- ગર્ભવિજ્ઞાન, ગર્ભસંસ્કાર, બાળઉછેર અને પ્રત્યેક બાળકની મૌલિક શક્તિઓ જગાડી તેને શ્રેષ્ઠ મનુષ્ય બનાવવાની દિશામાં નવપ્રસ્થાન - આ આપણી યુનિવર્સિટીનાં લક્ષ્ય છે. એ માટે વ્યાપકપણે સંશોધનકાર્યને અગ્રિમતા અપાશે.
- યુનિવર્સિટી એવાં સંશોધનો હાથ ધરશે જેના થકી શિક્ષણની દિશા બદલાશે. પરીક્ષા, તુલના અને સ્પર્ધાનું મહત્ત્વ નામશેષ થશે. આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવમાં વૃદ્ધિ થશે. આ આપણું દર્શન અને આપણા પ્રયત્નોની દિશા છે.
- અન્ય કોઈ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર આખા રાજ્ય જેટલું વિસ્તૃત નથી. મર્યાદિત ક્ષેત્રમાં અને વિષયોમાં એમનાં કાર્યનો પ્રભાવે છે. આપણી યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર આખું ગુજરાત રાજ્ય અને ૧૮ વર્ષની ઉંમર સુધીનાં અઢી કરોડ બાળકો છે. પરિણામે આપણું કાર્ય ગુજરાતના દરેક કુટુંબને સ્પર્શે છે.
- આપણું ધ્યેયસૂત્ર અને મા. નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન છે : એવરી ચાઈલ્ડ મૅટર્સ. પ્રત્યેક બાળક મહત્ત્વનું છે.
- દેશ-વિદેશની કોઈ પણ સંસ્થા, યુનિવર્સિટી કે વ્યક્તિને આ કાર્યમાં સાંકળી શકાય તેમ છે. અહીં સમન્વયની વ્યાપક ભૂમિકા છે.

Children's University
सत्यम् ऋतम् बृहत्

CHILD EVERY MATTERS!

આવો, હાથમાં હાથ મિલાવીને, કદમથી કદમ મિલાવીને ભારતને ઉન્નતિના ચરમ શિખરે પહોંચાડવાનો ભવ્ય પુરુષાર્થ આરંભીએ !

- હર્ષદ પ્ર શાહ
કુલપતિ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી